વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે ઉચ્ચ કક્ષાની, વિભાગીય અને ખાતાના વડાની સમિતિઓની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃસમત-૧૦૨૦૧૯-૩૫૯-ગ
સચિવાલય, ગાંધીનગર.

તા.૧૮-૦૨-૨૦૨૦

વંચાણે લીધોઃ (૧) સા.વ.વિભાગનો તા.૨૪-૯-૨૦૧૯નો ઠરાવ ક્રઃખતપ-૧૦૯૮-૫૪૦-ત.એ.

**ઠરાવ ::-**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧)ના તા.૨૪-૯-૨૦૧૯ના ઠરાવથી વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે 'લોક અદાલત' જેવું તંત્ર ઉભું કરવા માટે વિભાગ કક્ષાએ તેમજ ખાતાના વડા કક્ષાએ સમિતિઓની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. આથી ઉકત વંચાણે લીધેલ ઠરાવના ફકરા ક્રમાંકઃ૩(૧)માં વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ સામેના ખાતાકીય તપાસના કેસોનો ઝડપી નિકાલ કરવા માટે નીચે દર્શાવેલ વિગતે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવે છે.

| ક્રમ | સભ્ય |
|---|---|
| (૧) | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| (૨) | સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ |
| (૩) | અગ્ર સચિવશ્રી, કલાઇમેટ ચેન્જ વિભાગ |

૩. ઉપર વંચાણે લીધેલ ઠરાવના ફકરા નં.૩(૨)થી સચિવાલયના વિભાગ તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના કેસોનો ઝડપી નિકાલ કરવા પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ વિગતે સમિતિની રચના કરવામાં આવે છેઃ-

(અ) મહિલા અને બાળ વિકાસ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના ખાતાકીય તપાસના કેસો માટેની સમિતિઃ-

| ક્રમ | સભ્ય |
|---|---|
| (૧) | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| (૨) | નાયબ સચિવશ્રી (તપાસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| (૩) | નાયબ સચિવશ્રી (બજેટ), મહિલા અને બાળ વિકાસ વિભાગ |

(બ) મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના ખાતાકીય તપાસના કેસો માટેની સમિતિ:-

| ક્રમ | સભ્ય |
|---|---|
| (૧) | કમિશ્નરશ્રી- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી. |
| (૨) | નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી. |
| (૩) | અધિક કમિશ્નરશ્રી (મહિલા વિંગ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી. |

૪. આ ઠરાવમાં જયાં 'સચિવ' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવનો પણ સમાવેશ થાય છે.

૫. ઉકત તમામ સમિતિઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪-૯-૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃખતપ-૧૦૯૮-૫૪૦-ત.એ. માં દર્શાવેલ વિગતે કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, કલાઇમેટ ચેન્જ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:-

- અગ્ર સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (તપાસ એકમ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ.
- સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- *વિભાગની વેબસાઇટ પર તપાસ શાખા/ગ-શાખામાં પ્રસ્તુત ઠરાવ અપલોડ કરવા વિનંતી.*
- ના.સે.અ. સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.